Eternity Literature & Social Science Review Journal (ELSSRJ)
Vollume : 2 ,Issue No : 2 e- ISSN:2456-3528

Title of Article

# પદ્મચરિત અને હરિવંશપુરાણ - એક તુલનાત્મક અભ્યાસ

Author/Researchers

ડૉ. પટેલ હર્ષદભાઈ જી.
મુ.પો. વહેવલ (સેવાપુરી ફળિયા), તા. મહુવા જી.સુરત
પીન. ૩૯૪૨૪૮

Issue Month& Year
April 2017

Editor-In-Chief
Dr. Dinesh K. Bhoya

# પદ્મચરિત અને હરિવંશપુરાણ - એક તુલનાત્મક અભ્યાસ

મહાન દેશ એવા ભારતવર્ષની પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, તમિલ, કન્નડ, હિન્દી, ગુજરાતી, મરાઠી વગેરે વિવિધ પ્રકારની પ્રાચીન તથા મધ્યયુગીન ભાષાઓમાં પ્રાપ્ત જૈન પરંપરા પુરાણ સાહિત્ય, વિશાળ, વિવિધ તથા ઉત્તમ પ્રકારના છે. પ્રાચીન સમયથી શિષ્ટ સાહિત્યિક ભાસાના રૂપમાં સંસ્કૃતનું સર્વોપરી મહત્વ રહ્યું છે અને સંસ્કૃત ભાષાનું પણ જૈન પુરાણ સાહિત્ય ભાષા, ગુણો, આકાર-પ્રકાર વગેરે કોઇ પણ દષ્ટિએ અન્ય પરંપરાઓની પુરાણ સાહિત્યની અપેક્ષાએ અંશમાત્ર પણ ઉતરતી જણાતી નથી.

આચાર્ય રવિષેણકૃત પદ્મપુરાણ કે પદ્મચરિત અતિ પ્રાચીન છે. સાત મહાધીકારો, ૧૨૩ વર્ષ અને ૧૮૦૦ શ્લોકમાં વિસ્તૃત આ મહાન પુરાણગ્રંથની રચના આચાર્યએ મહાવીર નિર્વાણ પછી સન. ૬૭૬ ઇ.ના વૈશાખ માસના શુક્લપક્ષના આરંભમાં લગભગ અક્ષય ત્રીજના દિવસે પૂર્ણ કર્યું હતું. ગ્રંથના અનિશ્ચિત રચનાકાળના વિષયમાં કોઇ પણ આધુનિક વિદ્વાને કોઇ શંકા કરી નથી.

જૈન પરંપરામાં ઇક્ષ્વાકુવંશી અયોધ્યા પતિ રામચંદ્રનું ઉપનામ પદ્મથી પ્રસિદ્ધ છે. આથી પદ્મપુરાણ કે પદ્મચરિતનો આશય રામચરિત, રામકથા કે રામાયણ થાય છે. ભારતીય પુરણોમાં શ્રીરામનું સ્થાન અત્યંત મહત્વનું છે. તેમનું ચરિત્ર કે કથાનક મોટાભાગે અધિકતમ લોકપ્રિય રહ્યું છે.

આચાર્ય જિનસેને શ.સં. ૭૦૫ (વિક્રમ સં.૮૪૦)માં હરિવંશપુરાણની રચના કરી હતી. આ રચનામાં તેમણે અન્ય આચાર્યોની સાથે રવિષેણની પણ પ્રશંસા કરી છે. તેમની કવિતાનાં વિષયમાં તેઓ લખે છે કે રવિષેણાચાર્યની કાવ્યમયી મૂર્તિ સૂર્ય મૂર્તિની સમાન લોકોમાં અત્યંત પ્રિય છે. કેમકે જે પ્રકારે સૂર્યની મૂર્તિ ‘कृतपद्मोदयोद्योता’ છે. એટલે કે કમળોનો વિકાસ અને પ્રકાશ ફેલાવનારી છે. રવિષેણની કાવ્યમયી મૂર્તિ પણ ‘कृतपद्मोदयोद्योता’ એટલે કે શ્રીરામના અભ્યુદયનો પ્રકાશ ફેલાવનારી છે અને સૂર્યની મૂર્તિ જે રીતે પ્રતિદિન પરિવર્તિત થયા કરે છે. તેમ રવિષેણાચાર્યની કાવ્યમયી મૂર્તિ પણ પ્રતિદિન પરિવર્તિત પામતી રહી છે. આથી એ સ્પષ્ટ થાય છે કે જિનસેન ચોક્કસ જ રવિષેણની કાવ્યમયતાથી પ્રભાવિત થયા હતા. એનાથી વધારે જિનસેનની પુરાણની શૈલી કરતાં રવિષેણના પદ્મ ચરિતની વર્ણન શૈલીથી વધારે પ્રભાવિત છે.

પદ્મચરિતના પ્રથમ પર્વમાં મંગલાચરણ, સજ્જન પ્રશંસા, દુર્જન નિંદા, પૂર્વાચાર્યોની પરંપરા, ગ્રંથનું અવતરણ, ગ્રંથનાં વર્ણનીય અધિકાર વગેરે વિષયોનું સૂત્ર રૂપમાં સંકલન છે. હરિવંશપુરાણના પ્રથમ સર્ગમાં મંગલાચરણ, સજ્જન પ્રશંસા, દુર્જન નિંદા, પૂર્વાચાર્યોનું સ્મરણ, ગ્રંથકર્તુ પ્રતિજ્ઞા, ગ્રંથમાં વર્ણવવામાં આવેલા અધિકારો વગેરે વિષયોનું સૂત્ર રૂપમાં સંકલન છે. પદ્મચરિતમાં મહાવીરનો રાજગૃહની નજીક વિપુલાચલપર્વત પર આગમન થાય છે. રાજા શ્રેણિક ભગવાનનાં દર્શન માટે જાય છે. ત્યાં જઇને બીજા દિવસે ગૌતમસ્વામી (મહાવીર) પાસેથી રામકથા સાંભળવાની ઇચ્છા વ્યક્ત કરે છે. ગૌતમસ્વામી તેના જવાબમાં રામ કથા સંભળાવે છે. હરિવંશપુરાણમાં ભગવાન મહાવીર વિહાર કરતા વિપુલાચલ પર આવે છે. રાજા શ્રેણિક ચતુરંગ સેનાની સાથે ભગવાનની સરણમાં પહોંચે છે. ત્યાં તે ગૌતમ ગણધરથી તીર્થંકરો, ચક્રવર્તીઓ, બળભદ્રો, નારાયણો તથા પ્રતિ નારાયણોના ચરિત, વંશોની ઉત્પત્તિ વગેરેના નિરૂપણ માટે પ્રાથના કરે છે. ફરક માત્ર એટલો જ છે કે પદ્મચરિતમાં ભગવાન મહાવીર અને તેમના જીવન, મહાત્મ્ય વગેરેનું સંક્ષિપ્ત વર્ણન જ આપવામાં આવ્યું છે. જ્યારે

હરિવંશપુરાણમાં ભગવાન મહાવીરથી લઇને વિપુલાચલ પર્વત સુધી પહોંચવાની ઘટનાઓનું વર્ણન વિસ્તૃત રીતે કરવામાં આવ્યું છે.

પદ્મચરિતમાં લોક રચનાનું વર્ણન સંક્ષિપ્તમાં અને વિસ્તૃત રીતે ત્રીજા પર્વમાં કરવામાં આવ્યું છે. હરિવંશપુરાણમાં લોક રચનાનું વિશેષ વર્ણન ચોથા સર્ગથી સાતમાં સર્ગ સુધી કરવામાં આવ્યું છે. પદ્મચરિતનાં પાંચમાં પર્વમાં ચાર મહાવંશોનું વર્ણન કરી અજીતનાથ ભગવાન તથા સગર ચક્રવર્તીનું વર્ણન કરવામાં આવ્યું છે. હરિવંશપુરાણના તેરમા સર્ગમાં સૂર્યવંશ અને ચંદ્રવંશના અનેક રાજાઓનું વર્ણન અજીતનાથ ભગવાન તથા સગર ચક્રવર્તીનું વર્ણન કરવામાં આવ્યું છે. પદ્મચરિતનાં એકવીસમા પર્વમાં ભગવાન મુનિસુવ્રતનાથનું વર્ણન સંક્ષિપ્તમાં કરવામાં આવ્યું છે. હરિવંશપુરાણમાં સોળમા સર્ગમાં ભગવાન મુનિસુવ્રતનું વર્ણન વિસ્તૃત રીતે કરવામાં આવ્યું છે.

પદ્મચરિતનાં અગિયારમા પર્વમાં યજ્ઞની ઉત્પત્તિનો પ્રારંભિક ઇતિહાસ, અયોધ્યાના ક્ષીરકદમ્બક ગુરુ, સ્વસ્તિમતિ નામની તેમની પત્નિ, રાજા વસુનો ખોટો નિર્ણય તથા તેમનું પતનનું વર્ણન કરવામાં આવ્યું છે. હરિવંશપુરાણમાં સત્તરમા સર્ગમાં પણ રાજા વસુક્ષીરકદમ્બકનાં પુત્ર, રાજાવસુ દ્વારા ખોટા પક્ષને સમર્થનથી વસુનું પતન જોવા મળે છે. પદ્મચરિતનાં બાવીસમા પર્વમાં નરમાસભક્ષી સૌદાસની કથાનું વર્ણન જોવા મળે છે. હરિવંશપુરાણમાં ચોવીસમા સર્ગમાં મનુષ્યભક્ષી સૌદાસની કથા છે. પરંતુ બંન્ને ગ્રંથોની કથામાં અલ્પ તફાવત જોવા મળે છે. પદ્મચરિતમાં સૌદાસને રાજા નત્રુષનો પુત્ર અને હરિવંશપુરાણમાં તેને કાંચનપુરનાં રાજા જિતશત્રુનો પુત્ર કહેવામાં આવ્યો છે. પદ્મચરિતના અંતમાં તે મહાવૈરાગ્યથી યુક્ત થઇને તપોવનમાં ચાલ્યો જાય છે. જ્યારે હરિવંશપુરાણમાં તેનું મૃત્યુ વસુદેવના હાથે થાય છે.

પદ્મપુરાણમાં રામ–લક્ષ્મણનાં પિતા દશરથનું રાવણના ભયથી રાજ્યાસન મંત્રીઓને સોપીને આમતેમ ભટકે છે. તેમનું અનેક રાજાઓ સાથે યુદ્ધ, કૈકયા નામની કન્યાની પ્રાપ્તિનું વર્ણન જોવા મળે છે. જ્યારે હરિવંશપુરાણમાં કૃષ્ણ, બળદેવના પિતા વસુદેવ પોતાના મોટા ભાઇ સમુદ્રવિજય દ્વારા મહેલની બહાર ન જવાના બંધનના કારણે છેતરીને નગરની બહાર નીકળીને અનેક દેશોમાં ભ્રમણ કરે છે અને અનેક સુંદર કન્યાઓ સાથે લગ્ન કરે છે. હરિવંશના ૧૯ થી ૩૧ સર્ગ સુધી વસુદેવની આ જ વૃત્તિઓ તથા તેમને સંબંધીત અન્ય કથાઓનું વર્ણન જોવા મળે છે. પદ્મચરિતમાં માત્ર ૨૩ અને ૨૪મા પર્વમાં જ રાજા દશરથની પ્રવૃત્તિઓનું વર્ણન જોવા મળે છે. અંતમાં જે રીતે દશરથ કૈકયીના સ્વયંવર પછી ઘરે આવી જાય છે. તેવી જ રીતે વસુદેવ પણ રોહિણીના સ્વયંવર પછી ઘરે આવી જાય છે.

પદ્મપુરાણમાં મામંડલ પોતાની બહેન સીતાનું ચિત્ર જોઇને અજ્ઞાનવશ તેના પ્રત્યે આકર્ષિત થઇ જાય છે. અંતમાં આ જ આકર્ષણના કારણે સાચી સ્થિતિને જાણીને પોતાના મા–બાપને મળે છે. હરિવંશપુરાણમાં કાલસંબરની પત્નિ કનકમાલા જેણે પુત્ર પ્રધુમ્નનું પાલન કર્યું હતું. પૂર્વ જન્મનાં મોહવશ તેના પર આશક્ત થઇ જાય છે.

પદ્મપુરાણમાં ૧૦૧ પર્વમાં પ્રધુમ્ન તથા તેનો નાનો ભાઇ શામ્બના પૂર્વભવનું વર્ણન છે. હરિવંશપુરાણમાં ૪૩મા સર્ગમાં પ્રધુમ્ન તથા શામ્બની કથાનું વર્ણન આ જ રીતે કરવામાં આવ્યું છે. પદ્મપુરાણમાં ૨૮મા પર્વમાં નારદ સીતાના મહેલમાં જાય છે. સીતા તે સમયે દર્પણમાં પોતાનું મુખ જુએ છે. નારદને દર્પણમાં જોઇને તે ગભરાય જાય છે. આથી નારદે પોતે ભામંડલને સીતાને મેળવવા માટે ચઢાવે છે. હરિવંશપુરાણમાં ૫૪મા સર્ગમાં નારદ દ્રોપદીના ઘરે જાય છે. દ્રોપદી તે સમયે આભૂષણ ધારણ કરવામાં વ્યસ્ત હતી. આથી નારદ ક્યારે

પ્રવેશ્યા અને ક્યારે જતા રહ્યા તે તેને ખબર જ ન પડી. આથી નારદે ભરતક્ષેત્રોનો એક રાજા પદ્મનાભની પાસે જઇને દ્રોપદીના સૌંદર્યનું વર્ણન કર્યું. આથી તેણે દ્રોપદીનું અપહરણ કર્યું.

પદ્મચરિતમાં રામ-લક્ષ્મણનું રામના પુત્રો લવ અને કુશની સાથે યુદ્ધ થાય છે. યુદ્ધમાં રામ-લક્ષ્મણ તેમને જીતી શકતાં નથી. ત્યારે નારદની સંમતિથી સિદ્ધાર્થ નામનો ક્ષુલ્લક તેમનો પરિચય આપીને મેળાપ કરાવે છે. હરિવંશ પુરાણમાં પણ પ્રધુમ્નનું કૃષ્ણ અને બળદેવ સાથે યુદ્ધ થાય છે. કૃષ્ણ-બળદેવ તેને જીતવા અસમર્થ રહે છે. તે જ સમયે રુક્ષમણી દ્વારા કહેવાયેલા નારદ આવીને પિતા-પુત્રનું મિલન કરાવે છે.

ધર્મની નિરૂપણની પદ્ધતિ બંન્ને ગ્રંથોમાં એક જેવી જ છે. બંન્નેમાં એટલો જ ફરક છે કે પદ્મચરિતમાં વર્ણન સંક્ષિપ્તમાં અને હરિવંશપુરાણમાં વિસ્તૃત રીતે મળે છે. પદ્મચરિતના દરેક પર્વના અંતિમ શ્લોકમાં રવિ શબ્દ આવે છે. જયારે હરિવંશપુરાણના પ્રત્યેક સર્ગના અંતમાં જિન શબ્દ આવે છે.

## સંદર્ભ ગ્રંથ સૂચિ


૧. પદ્મપુરાણ– ભાગ – ૧,૨,૩ – આચાર્ય રવિષેણ અનું.પં. પન્નાલાલ સાહિત્યાચાર્ય, ભારતીય જ્ઞાનપીઠ, કાશી, પ્રથમ આવૃત્તિ (જુલાઇ– ૧૯૫૮, ફેબ્રુઆરી– ૧૯૫૯, નવેમ્બર– ૧૯૫૯)

૨. હરિવંશ પુરાણ– જિનસેન, અનુ.પં. પન્નાલાલ સાહિત્યાચાર્ય, ભારતીય જ્ઞાનપીઠ, પ્રકાશન (પ્ર.સં)

# Green Flag Foundation , Sonasan

Sabarkantha, Gujarat - 383210,IND.
Web: www.eternityzxy.com , emai : patelrjsh4@gmail.com,
Contect no : +91 9724590815,

Eternity Literature & Social Science Review Journal

Eternity Literature & Social Science Review Journal
Eternity Literature & Social Science Review Journal

ELSSRJ
e-Journal For Scholar

Eternity Literature & Social Science Review Journal

**ISSN 2456–3528**


## Certificate of Article

This is to certify that our Editorial board and Peer review team accepted the Article Under title Padmacharit Ane Harivansh Puran - Ek Tulanatmak Adhyayan . Which is submitted by Dr. Harshadbhai G. Patel. This Research Article is original and innovative. It is double blind peer re-viewed. This paper is published in Volume –II, Issue- II (April-2017 Issue).

CHIEF EDITOR
Eternity Literature &
Social Science Review Journal